# પરિષદ-પ્રમુખનો પત્ર

**'ઝટ ડહોળી નાખો રે**
**મન-જળ થંભ થયેલું.'**

પ્રિય અને આદરણીય મિત્રો,

સૌપ્રથમ આપ સર્વને ઈસુના નવા વર્ષનાં હાર્દિક અભિનંદન. આ નવી સાલ ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે વિશેષ ઉન્નતિકારક સિદ્ધ થાય તેવી આપણા સર્વની અંતઃકરણપૂર્વકની શુભ ભાવના હોય જ. વળી ૨૦૧૦ એ ગુજરાત રાજ્યની સ્થાપનાનું સુવર્ણજયન્તી વર્ષ છે. પચાસ વર્ષ પહેલાં એટલે કે સન ૧૯૬૦ની તારીખ પહેલી મેની પરોઢે અમદાવાદમાં સાબરમતી નદીના સાન્નિધ્યે પૂ. રવિશંકરદાદાના આશીર્વાદથી અલગ ગુજરાત રાજ્યનું મંગલાચરણ થયું એ ઘટનાના જે કેટલાક ધન્ય સાક્ષીઓ હતા તેમાંનો એક હું પણ હતો જેનું મને ગૌરવ છે. ત્યાર પછીના આ અડધા સૈકામાં ગુજરાત અનેક તડકા-છાંયડા અને આસમાની-સુલતાનીમાંથી પસાર થતું રહ્યું છે, પરંતુ સંતોષની વાત એ છે કે ગુજરાતની અનેકદેશીય વિકાસયાત્રાની ગતિ જળવાઈ રહી છે અને ગુજરાત દેશનું એક પ્રગતિશીલ રાજ્ય બન્યું છે.

પરંતુ સાહિત્યક્ષેત્રનાં માનવીઓ તરીકે આપણી પ્રથમ અને પરમ નિસબત તો એ પ્રશ્નનો ઉત્તર શોધવાની જ હોય કે આ અડધી સદીમાં, ગુજરાતનું પૃથક્ રાજ્ય રચાયા પછી ગુજરાતી ભાષા અને સાહિત્યનો વિશેષ ઉત્કર્ષ થયો છે ખરો ? ગુજરાતી ભાષાસાહિત્ય પરત્વેની ગુજરાતીભાષી પ્રજાની રુચિ અને પ્રીતિમાં વૃદ્ધિ થઈ છે ખરી ? આ પ્રશ્નોના ઉત્તર બહુ ઉત્સાહપૂર્વક હકારમાં કદાચ આપી શકાય તેમ નથી, છતાં ચિત્ર સંપૂર્ણપણે નિરાશાજનકેય નથી.

ગુજરાતી ભાષાના અસ્તિત્વના ભાવિ પરત્વે જ્યારથી ગુજરાતી ભાષા-સાહિત્યના હિતચિંતકોએ ચિંતા દર્શાવવા માંડી તેની સમાંતરે ગુજરાતી ભાષા-સાહિત્યમાંનાં ગુજરાતીભાષી પ્રજાનાં રસ-રુચિનું જતન-સંવર્ધન કરવાના સભાન પ્રયત્નો પણ શરૂ થયા છે અને તેનાં કિંચિત રૂડાં પરિણામો આવવાની આશા બંધાવા લાગી છે. આ સંદર્ભમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પૂર્વપ્રમુખ અને મારા સમર્થ પુરોગામી આદરણીય શ્રી નારાયણભાઈ દેસાઈનાં પ્રેરણા અને નેતૃત્વ હેઠળ 'પરિષદે' જે ગુજરાતવ્યાપી સાહિત્ય-યાત્રાઓ શરૂ કરી તેનો મારે સવિશેષ ઉલ્લેખ કરવો જોઈએ. આ 'સાહિત્યયાત્રાઓ'ને મળેલા બહોળા પ્રજાકીય પ્રતિસાદથી પ્રોત્સાહિત થઈને અનુભવોને આધારે તેને વધુ જનસંપર્કલક્ષી બનાવવાના ધ્યેય સાથે આગળ ધપાવવાનો 'પરિષદ'ના નવા કાર્યવાહકોએ 'પરિષદ'ના નવસારી-અધિવેશનમાં નિર્ણય કર્યો જે સર્વથા સમર્થનીય જ હોય. આગામી સમયમાં ગુજરાતનાં ભિન્ન ભિન્ન ક્ષેત્રો આવી સાર્થક સાહિત્યયાત્રાઓથી ગુંજાયમાન થતાં રહેશે તેવી મને શ્રદ્ધા છે.



અહીં મને કવિ નર્મદની પ્રસિદ્ધ કાવ્યપંક્તિ સાંભરે છે :

**'ઝટ ડહોળી નાખો રે**
**મન-જળ થંભ થયેલું.'**

ગુજરાતી ભાષા-સાહિત્ય પ્રત્યેની પ્રજાકીય પ્રીતિ-ભક્તિનાં જળ જે કંઈક થંભ થયેલાં અનુભવાતાં હતાં તેને ડહોળી નાખી તેમાં નવાં નવાણ ફૂટે તે માટેની સભાનતાનું સિંચન હવે શરૂ થયું છે અને 'પરિષદ' યોજિત 'સાહિત્યયાત્રા'ને પગલે પ્રસિદ્ધ ચિન્તક અને શિક્ષક ડૉ. ગુણવંત શાહે પણ આદિકવિ નરસિંહ મહેતાની ભૂમિ જૂનાગઢથી 'અર્વાચીનોમાં આદ્ય' કવિ નર્મદની જન્મભૂમિ સુરત સુધીની 'માતૃભાષા વન્દનાયાત્રા'નું આયોજન કર્યું છે. ગયે મહિને ગાંધીનગરમાં ત્યાંની 'કલ્ચરલ ફૉરમ' નામની સંસ્થા દ્વારા પંદર દિવસનું 'સાહિત્યપર્વ' યોજાયું હતું. આ 'સાહિત્યપર્વ' પણ બે વર્ષ પહેલાં ગાંધીનગરમાં યોજાયેલા સાહિત્ય પરિષદના અધિવેશનની એક ઉપલબ્ધિ સમાન લેખાય. આ 'સાહિત્યપર્વ' પ્રસંગે ગાંધીનગરમાં 'ગ્રંથ-રથયાત્રા' ઘૂમી હતી અને તેમાં કુલ બાવીસ હજાર જેટલાં વિવિધ શાળાઓનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો તે સવિશેષ ઉલ્લેખનીય છે. આવા અનેક ઉપક્રમો યોજાવા જોઈએ અને તો ગુજરાતી ભાષાના અસ્તિત્વના ભાવિ વિશે જે કંઈક નિરાશાજનક વાતાવરણ પ્રવર્તે છે તેમાં ઓટ આવશે.

આવા ઉપક્રમોની સકારાત્મક ઉપલબ્ધિ વિશે હું આશાવાદી છું. આવો આશાવાદ સેવવા માટે ઠીક ઠીક કારણો નવસારીમાં યોજાઈ ગયેલા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પિસ્તાળીસમા અધિવેશને આપણ સૌને પૂરાં પાડ્યાં છે. અલબત્ત, સ્વીકારવું જોઈએ કે આ અધિવેશનમાં સ્થાપિત સાહિત્યકારોની હાજરી કંઈક ઓછી હતી, પરંતુ તેનું સાટું શાળા-મહાશાળાઓનાં વિદ્યાર્થી- વિદ્યાર્થિનીઓની વિશાળ તથા જિજ્ઞાસુ ઉપસ્થિતિએ વાળી દીધું હતું અને આ હકીકત ગુજરાતી ભાષાના ભાવિ સંબંધે શ્રદ્ધાપ્રેરક બની શકે તેવી છે. આના પૂરતાં અણસાર 'પરિષદ'ના કીમના જ્ઞાનસત્રમાં મળ્યા હતા. પરિષદ-પ્રમુખ તરીકેના મારા વ્યાખ્યાનમાં પણ મેં ગુજરાતીઓની નવી પેઢીમાં માતૃભાષા અને તેના સાહિત્ય પ્રત્યે વિશેષ પ્રેમ અને રસ પ્રગટાવવાની આવશ્યકતા પર ખાસ ભાર મૂક્યો છે. હું તો એવા ભવિષ્યની અપેક્ષા રાખું છું જ્યારે 'પરિષદ'નાં અધિવેશનો કે જ્ઞાનસત્રોમાં એક આખી બેઠક યુવાલક્ષી હોય.

એવી જ આવશ્યકતા 'પરિષદ'નાં અધિવેશનો અને જ્ઞાનસત્રોમાં પ્રતિનિધિઓ અને શ્રોતાઓની વિશેષ તથા સક્રિય સહભાગિતાની પણ છે જ. 'પરિષદ'ના મંચ પરથી કેવળ વિદ્વદ્ભોગ્ય પ્રવચનો થતાં રહે અને શ્રોતાઓ તેનું શ્રવણ કરે અથવા ન કરે તો વ્યાયામથી દ્વિમાર્ગી સંવાદ સધાય નહિ. અધિવેશન અને જ્ઞાનસત્રોનાં આયોજનોમાં સાચા સાહિત્યરસિકોની સક્રિય સામેલગીરી સંકળાય તો સમસ્ત ઉપક્રમ વધારે અર્થપૂર્ણ બની રહે.

નવસારીમાં 'બાનો ભીખુ સાહિત્ય પ્રસાર ટ્રસ્ટ'ના યજમાનપદે યોજાયેલા 'પરિષદ'ના અધિવેશનનું વ્યવસ્થા અને આતિથ્યનું પાસું એટલું સર્વાંગસંપૂર્ણ હતું કે તેની તો પ્રશંસા જ કરવી રહે. દક્ષિણ ગુજરાતના એક નાનકડા, માંડ અઢી લાખની વસ્તી ધરાવતા નવસારી નગરે 'પરિષદ'ના વિશાળ અધિવેશનના આયોજનનું બીડું ઝડપીને પોતાની ક્ષમતા સિદ્ધ

કરી બતાવી. વળી દક્ષિણ ગુજરાતમાં યોજાયેલા આ અધિવેશનમાં યોગ્ય રીતે જ લાટ પ્રદેશનાં સાહિત્ય, કળા, સંસ્કૃતિ ઉપર પ્રકાશ – શેરડો કેન્દ્રિત થયો. આ રીતે 'પરિષદ'નાં આયોજનોમાં ગુજરાતનાં વિવિધ ક્ષેત્રોનાં સાહિત્ય-કળા-સંસ્કૃતિ કેન્દ્રમાં મુકાતાં રહે તે આવશ્યક છે. કેમકે, તેથી 'પરિષદ' સર્વાશ્લેષિતાના ધ્યેયની સિદ્ધિની દિશામાં વધારે ગતિ કરી શકે. મને તો એવીયે ઉમેદ છે, કે 'પરિષદ'નું એક આખું જ્ઞાનસત્ર આદિવાસી – વનવાસી – ગિરિજનોની લિખિત-મૌખિક સાહિત્ય-પરંપરા આદિને કેન્દ્રમાં રાખી યોજવામાં આવે.

'પરિષદ'ના નવસારી અધિવેશનની ઉપ-પ્રવૃત્તિરૂપ છતાં સરવાળે મુખ્ય અને સકારાત્મક ફળશ્રુતિ તો મારી દૃષ્ટિએ એ પણ લેખાય કે અધિવેશન નિમિત્તે નાનકડા નવસારી નગરમાં તેના નિમ્ન – મધ્યમવર્ગીય અને ગરીબ લત્તાઓમાં એકસાથે દસ જેટલાં શેરી-પુસ્તકાલયોનું ઉદ્‌ઘાટન નગરની પ્રસિદ્ધ 'સયાજી વૈભવ લાયબ્રેરી'ના ઉપક્રમે યોજાયું. આવા એક ઉદ્‌ઘાટન-કાર્યક્રમમાં હાજરી આપવાની મને તક મળી. ત્યાં જે સ્વયંભૂ લોકઉત્સાહ જોવા – અનુભવવા મળ્યો તેનું જો જતન – સંવર્ધન થતું રહે અને વાચન-પ્રસારના આ યજ્ઞની પાવક જ્વાળાઓ ગુજરાતવ્યાપી બને તો ગુજરાતી ભાષા અને તેના સાહિત્યના ભાવિ વિશેની આશંકા શિથિલ બને અને કાળક્રમે તે નિર્મૂળ થાય.

આવી આશા સેવવાનું ભાથું 'પરિષદ'ના નવસારી અધિવેશને આપ્યું છે તે સાચું, પણ હજી તો એ દિશામાં ઘણો, અવિરત અને સાચકલો પુરુષાર્થ કરવો પડશે.

સુરત, **ભગવતીકુમાર શર્મા**

તા. ૩૦-૧૨-૨૦૦૯

### આપણા દુઃખનું કેટલું જોર ?

**ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?**
**નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર !**

**ભારનું વાહન કોણ બની રહે ? નહીં અલૂણનું કામ,**
**આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન;**
**સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર. ભાઈ રે૦**

**જલભરી દગ સાગર પેખે, હસતી કમળફૂલ,**
**કોકડું છે પણ રેશમનું, એનું ઝીણું વણાય દુકૂલ;**
**નિબિડ રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર. ભાઈ રે૦**

**આપણે ના કંઈ રંક, ભર્યો ભર્યો માંહ્યલો કોશ અપાર;**
**આવવા દો જેને આવવું, આપણ મૂલવશું નિરધાર;**
**આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર. ભાઈ રે૦**

(સંકલિત કવિતા, ૧૯૮૩, પૃ. ૭૮૦–૭૯) **– રાજેન્દ્ર શાહ**



પરબ ◻ ફેબ્રુઆરી, 2010